# 37

**નવસારી જિલ્લામાં આવેલ ચોખા સંશોધન કેન્દ્રમાં થયેલ અનધિકૃત બાંધકામ બાબત**

***15/3/502 :** શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય **કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આવેલ ચોખા સંશોધન કેન્દ્ર કે તેના ભાગમાં પોલીસ સ્ટેશન બાંધી દેવામાં આવેલ છે તેમજ એગ્રીકલ્ચર ફાર્મ કે તેનો ભાગ ભારતીય હોટલને સોંપી દેવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) નવસારી કૃષિ યુનિવર્સિટીની ચોખા સંશોધન કેન્દ્રની જમીન રાજય સરકારશ્રી દ્વારા પોલીસ હેડ કવાર્ટરના બાંધકામ માટે પોલીસ અધિક્ષક, નવસારીને સોંપેલ છે, જે હકીકત સાચી છે. પરંતુ એગ્રીકલ્ચર ફાર્મ કે તેનો કોઇ ભાગ ભારતીય હોટેલને સોંપેલ નથી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે, અને | (૨) નવસારી જિલ્લાની રચના બાદ જિલ્લા પોલીસ મુખ્ય મથક માટે યોગ્ય જગ્યા ઉપલબ્ધ થયેલ ન હોવાથી જિલ્લાના મુખ્ય મથકથી નજીકના અંતરે આવેલી નવસારી કૃષિ યુનિવર્સિટીની જમીન ફાળવવાનો વર્ષ ૨૦૧૪−૧૫ માં રાજય સરકારશ્રીએ નિર્ણય કરેલ હતો. વધુમાં ઉકત જમીનની અવેજીમાં વેડછા સીડ ફાર્મની જમીન નવસારી કૃષિ યુનિવર્સિટીને ફાળવવાની બાબત વિચારાધીન છે. |
| (૩) તે માટે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) કોઇ કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

------------------